હૈયાને દરબાર
નંદિની ત્રિવેદી
nandini.trivedi@bombaysamachar.com

# કારેલું કારેલું... મોતીડે વઘારેલું...!



**આ ગીતમાં ગૂઢ વિષયાસક્તિ, સૌંદર્યમંડિત કામુકતા છે, પરંતુ એ જે રીતે અભિવ્યક્ત થઈ છે એ માટે કવિને સલામ કરવી પડે**

ભાવનગરની કોલેજમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક, ઉમાશંકર જોશી એવૉર્ડ સહિત અનેક એવૉર્ડ્ઝ જેમને મળેલા છે એ તથા આ લખાઈ રહ્યું છે ત્યારે જ કલાપી એવૉર્ડ આ વર્ષે (૨૦૧૮) જેમના નામે જાહેર થયો એ કવિ વિનોદ જોશી સાથે ગોષ્ઠિ તથા એમનાં ગીતોની પ્રસ્તુતિનો એક સુંદર, ઔચિત્યપૂર્ણ કાર્યક્રમ ગયા મહિને ભારતીય વિદ્યાભવનમાં યોજાઈ ગયો. કલાપી એવૉર્ડની જાહેરાતને પગલે અનાયાસે આ લેખ પણ પ્રસ્તુત બની ગયો એટલે સૌપ્રથમ તો કવિને આપણા સૌ તરફથી અઢળક શુભેચ્છાઓ.

વાત કરીએ કાર્યક્રમની તથા વિનોદ જોશીનાં ગીતોની. શ્રદ્ધા શ્રીધરાણી અને જાહ્નવી શ્રીમાંકર દ્વારા વિનોદ જોશીનાં ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જાહ્નવીને કંઠે પહેલી જ પ્રસ્તુતિ થઈ કારેલું કારેલું મોતીડે વઘારેલું ગીતની. પહેલી નજરે રમતિયાળ લાગતા આ ગીતને ધ્યાનપૂર્વક સાંભળ્યું તો એના એક એક પડમાંથી જુદા જુદા અર્થ પ્રગટવા લાગ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન પછી તો વિનોદભાઈની રસપ્રચૂર વાતો અને તેમનાં ગીતોમાં દર્શકો ભીંજાતા ગયા. ફક્ત બે જ ઈન્સ્ટ્રુમેન્ટ સાથે ‘અનપ્લગ્ડ’ કહી શકાય એ પ્રકારનો કાર્યક્રમ કરવાનો સરસ વિચાર કમલેશ મોતાનો હતો. યુવા પેઢીને આકર્ષવા આવા પ્રયોગો આવકાર્ય છે, ખાસ તો સાહિત્યિક મૂલ્ય ધરાવતા કાર્યક્રમોમાં. સાહિત્યિક કાર્યક્રમની ગરિમા જળવાય એવી સુંદર રજૂઆત હતી.

વિનોદ જોશીની સાચી ઓળખ છે એમની કવિતા, એમનાં ગીતો. એમનાં લગભગ દરેક ગીતમાં નારી સંવેદના બહુ સૂક્ષ્મ રીતે પ્રગટે છે. ભાવનગરના આ કવિ ખરા અર્થમાં ‘ભાવ’ના કવિ છે. એમનો ભાવ બધી રીતે ઊંચો છે એમ કહીએ તો પણ અતિશયોક્તિ નહીં જ કહેવાય. વિનોદ જોશીનાં ગીતો સાંભળવામાં તો કર્ણપ્રિય છે જ પણ તમે એ ગીતને અડકી શકો, તાદશ જોઈ શકો એટલાં સહજ-સ્વાભાવિક-સુરેખ છે. ગતાંકમાં આપણે જેની વાત કરી હતી એ ગરમ મસાલેદાર ખાટી મીઠી વાનગી...ગીત કેટલું બધુ મુખર, લાઉડ હતું જ્યારે આજના ગીતમાં પણ ગુલાબજાંબુ અને કારેલા જેવી વાનગીની વાત આવે છે પણ બન્ને ગીતોનાં ભાવસંવેદનમાં આસમાન-જમીનનો ફરક છે. કારેલું... ગીતમાં ગૂઢ વિષયાસક્તિ, સૌંદર્યમંડિત કામુકતા છે, પરંતુ એ જે રીતે અભિવ્યક્ત થઈ છે એ માટે કવિને સલામ કરવી પડે. આ ગીતમાં નાયિકાની નજાકત તો જુઓ! આંજું રે હું આંજું, ટચલી આંગળીએ દખ આંજું, નખમાં ઝીણાં ઝાકળ લઇને હથેળિયુંને માંજું...! કાવ્યનાયિકા કેવી નાજુક-નમણી રમણી છે, જે નખમાં ઝીણાં ઝાકળબિંદુ લઈને હથેળીને માંજી શકે છે!

આ એ કવિ છે જે આંસુને શણગારી શકે છે ને શણગારેલા આંસુને સારી પણ નાખે છે. કવિતા પોતે બહુ મોટી ચેલેન્જ છે. ભાષાના માધ્યમથી એ આપણી પાસે આવે છે. કવિએ એને બરાબર સેવી છે. તો જ આવા હૃદયસ્પર્શી શબ્દો ઊતરી આવેને! ઋષિ કવિ રાજેન્દ્ર શુક્લની પંક્તિઓ અહીં યાદ આવે છે. સુખડ જેમ શબ્દો ઊતરતા રહે છે, તિલક કોઈ આવીને કરશે અચાનક...! કવિની કલમથી ઊતરતા કાવ્યને તિલક કરવાનું કામ કરે છે સંગીતકાર. ગીતને સુંદર વાઘાં પહેરાવીને, શણગાર સજાવીને સ્વરકાર મેનીક્વિન એટલે કે ગીતને ડિસ્પ્લે કરનાર ગાયક કલાકારને પહેરાવે છે, સમર્પિત કરી દે છે પછી એ ગીત ગાયકનું બની જઈને આપણા સૌ સુધી પહોંચે છે. કારેલું...ગીતને સંગીતના સૂર દ્વારા તિલક કરનાર સંગીતકાર-ગાયક સુરેશ જોશી આ ગીત વિશે સરસ વાત કરે છે. તેઓ કહે છે, “લગભગ વીસેક વર્ષ પહેલાં આ ગીત મેં સ્વરબદ્ધ કર્યું હતું. એ જ સમયગાળામાં વિનોદ જોશીનાં મેં કમ્પોઝ કરેલાં અન્ય બે ગીતો રે વણઝારા...અને કાચી સોપારીનો કટ્કો...ખાસ્સાં લોકપ્રિય થયાં હતાં. દરમ્યાન આ ગીત મારા હાથમાં આવ્યું અને પહેલી નજરે ગમી ગયું. સ્ત્રી-પુરુષના નાજુક સંબંધોની વાત આ ગીતમાં નજાકતપૂર્વક થઈ છે. ગુલાબજાંબુ જેવું ગમતું પાત્ર ધારેલું ન નીકળે ત્યારે એ કારેલું બની જાય છે. નાયિકાની ફરિયાદ છે કે એને તો સોના વાટકડીમાં સરવરિયાં પિરસવાનાં ઓરતાં હતાં પણ કશુંક બન્યું એવું કે ડૂમો આંસુ થઈને વરસી ગયો ને સોના વાટકડીમાં આંસુ જ પિરસાયાં. પ્રિયતમ તરફથી જોઈએ એવો પ્રતિભાવ ન મળતાં નાયિકાની અતૃપ્તિની પરાકાષ્ઠા છેલ્લા અંતરામાં આવે છે : આંધણ ઓરું અવળાં સવળાં, બળતણમાં ઝળઝળિયાં, અડખે પડખે ભીના ભડકા, અધવચ કોરાં તળિયાં...! પહેલાં મોઘમ બોલતી નાયિકા છેલ્લે ખુલી જાય છે છતાં એની ભીતરમાં તો ઘણું ભંડારેલું જ છે એ દર્શાવીને કવિએ કમાલ કરી છે. આજ ગીત પર વધારે કામ કરીને રેખા ત્રિવેદીના ‘સખીરી’ આલબમમાં અમે સમાવ્યું. રેખાબહેને પણ ખૂબ સરસ રીતે બહેલાવ્યું છે આ ગીતને.

### આજનું ગીત

*કારેલું કારેલું*
*મોતીડે વઘારેલું,*
*સૈયર મોરી, મેં ભોળીએ ગુલાબજાંબુ ધારેલું*
*આંજું રે હું આંજું, ટચલી આંગળીએ દખ આંજું,*
*નખમાં ઝીણાં ઝાકળ લઇને હથેળિયુંને માંજું;*
*વારેલુંવારેલુંહૈયું છેવટ હારેલું...*
*સૈયર સોનાવાટકડીમાં પીરસું રે સરવરિયાં,*
*અઢળક ડૂમો અનરાધારે ઢળી પડે મોંભરિયાં;*
*સારેલું સારેલું...*
*આંસું મેં શણગારેલું...*
*આંધણ ઓરું અવળાં સવળાં, બળતણમાં ઝળઝળિયાં,*
*અડખે પડખે ભીના ભડકા, અધવચ કોરાં તળિયાં;*
*ભારેલુંભારેલું ભીતરમાં ભંડારેલું...*

*કવિ : વિનોદ જોશી*
*સંગીતકાર : સુરેશ જોશી*

આમ, ધીમે ધીમે લોકપ્રિય થઈ રહેલું આ ગીત હવે તો બીજા ઘણા કલાકારો ગાય છે. “ભવન્સમાં આ ગીત જાહ્નવી શ્રીમાંકરે એની આગવી શૈલીમાં સુંદર રીતે પ્રસ્તુત કરીને સરસ સમા બાંધી દીધો હતો. કવિતાનાં શબ્દે શબ્દે નારી સંવેદનાનાં રહસ્યો પ્રગટતાં જાય એવી લાજવાબ અભિવ્યક્તિ છે. કારેલું અને ગુલાબજાંબુ વિશે પહેલેથી જ કંઈ ધારી લો અને ગીતના હાર્દ સુધી પહોંચો નહીં તો એક સ-રસ ગીત સાંભળવાની તક તમે ગુમાવી દો. સંગીતકાર-ગાયક આશિત દેસાઈએ પણ આ ગીત સ્વરબધ્ધ કર્યું છે. બેમાંથી જે સ્વરાંકન મળે એ સાંભળી લેવા જેવું છે.

ભવન્સ કાર્યક્રમમાં સ્પર્શી ગયેલું અન્ય ગીત હતું, રે વણઝારા...! વિનોદ જોશીના શબ્દ, સુરેશ જોશીનું સ્વરાંકન અને શ્રદ્ધા શ્રીધરાણીનો મધુર કંઠ. ગ્રામ્ય પરિવેશ ધરાવતા સુંદર બેક્ડ્રોપ સાથેના માહોલમાં રેગિસ્તાનનું ચિત્ર ઊપસી રહ્યું હતું. સુંદર-લાંબા કેશ ધરાવતી નાયિકાનો એક સોનેરી વાળ તૂટી ગયો ત્યારે વણઝારાના સંદર્ભે પોતાના નાયકને સંબોધીને નાયિકા મીઠી ફરિયાદ કરે છે કે તારી કાંગસીએ તોડ્યો મારો સોનેરી વાળ, મને બદલામાં વેણી લઈ આપ, રે વણઝારા...!

સંગીતકાર સુરેશ જોશીએ સ્વરબદ્ધ કરેલાં ગીતો સરળ, સહજ, મધુર અને પ્રસન્નકર હોય છે. ભાવનગરના વિનોદ જોશી જેમ ભાવના કવિ છે એમ સ્વરકાર સુરેશ જોશી ભાવોર્મિના સંગીતકાર છે. લાગણીની ભીનાશ એમનાં સ્વરાંકિત ગીતોમાં હંમેશાં અનુભવાય. રે વણઝારા...ગીતમાં સ્ત્રીની ઊર્મિ પરાકાષ્ઠાએ છે. હળવે હળવે એક એક ઈચ્છા, અભિપ્સા વ્યક્ત કરતી નાયિકા છેવટે પ્રિયતમ પાસેથી સર્વસ્વ ઝંખે છે. સ્ત્રી પોતાનું સમગ્ર અસ્તિત્વ એના પુરુષને સોંપી દે તો પુરુષ તરફથી શા માટે ઓછું પામવાનું? એટલે જ નાયિકા એક સ્થાને કહે છે :

*પાથરણા આપું તને, આપું પરવાળા,*
*પૂનમ ઘોળીને પછી આપું અજવાળાં...*
*તારા ટેરવે તણાયા મારા કમખાના ઢાળ,*

મને બદલામાં ટહુકો લઇ આપ...જેવી પંક્તિઓમાં ગર્ભિત ઈરોટીઝમ છે પણ એ ક્રૂડ નથી લાગતું. છેવટે તો સ્ત્રીની માતૃત્વની ઝંખના જ અહીં અભિપ્રેત હોય એવું લાગે છે.

સૌથી પહેલાં મીનાક્ષી શર્મા સાથે સુરેશ જોશીએ આ ગીત રેકોર્ડ કર્યું હતું એ પછી પુરુષોત્તમ ઉપાધ્યાયના એક આલબમમાં એમની દીકરીઓ વિરાજ-બીજલે પણ ગાયું.

કવિ પોતે પોતાની રચનાઓ સંદર્ભે કંઈ કહેવાનું મુનાસિબ નથી માનતા. એમણે તો કવિતા આપણને સમર્પી દીધી છે. ઈચ્છો એવું અર્થઘટન કરી શકો. આ બન્ને ગીતો હવે અમે તમને આપી દીધાં. યુ ટ્યુબ પર સાંભળવાનું ચૂકતા નહીં. અને હા, વિનોદ જોશીની કવિતાનો કેફ મન પર સવાર જ છે. આવતા અંકે એમના અન્ય એક અદ્ભુત ગીત સાથે ફરી મળીશું. ■

## ક્વિઝ ટાઈમ

પ્રતિવર્ષ અપાતો કલાપી એવૉર્ડ કઈ સંસ્થા દ્વારા આપવામાં આવે છે?

## ગયા વખતની ક્વિઝનો જવાબ

‘મા-બાપ’ ફિલ્મના ગીતની જબરજસ્ત લોકપ્રિયતાને પગલે અસરાનીએ બનાવેલી ફિલ્મનું નામ હતું ‘અમદાવાદનો રિક્ષાવાળો’ અને એ ગીતની પંક્તિ હતીઃ ‘હું અમદાવાદનો રિક્ષાવાળો’.

ક્વિઝમાં ‘મુંબઇ સમાચાર’ના ઘણાં વાચકો ઉત્સાહ અને ઉમળકા સાથે સામેલ થયા હતા. પણ ‘મુંબઇ સમાચાર’એ સંપૂર્ણ સાચો જવાબ આપનારી વ્યક્તિનાં નામ જ પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું હોવાથી શનિવાર સાંજ સુધી સંપૂર્ણ સાચો જવાબ આપનારા વાચકોનાં નામ આ પ્રમાણે છે. સર્વેને અભિનંદન.

★ઘનશ્યામભાઈ એચ. ભરુચા ★હંસાબહેન ભરુચા ★માના વ્યાસ ★મયંક ત્રિવેદી ★અલ્પા આર. મહેતા ★પરેન શેઠ ★મયુર પારેખ ★વસંત હેમરાજ દામા ★અસ્મિતા ડી. ચૌહાણ ★ પ્રવીણ શેઠ ★ફાલ્ગુની શેઠ ★જયશ્રી ગોરાડિયા ★આરતી વાય. શાહ ★સતેન્દ્ર દાંડ ★ભરતભાઈ સોનીગ્રા ★જ્યોત્સના શાહ ★વિધાન શાહ ★ મનીષા શેઠ ★મુકેશ પંચતમિયા ★સ્મિતા શુકલ ★ભરત ન. સંઘવી ★રસિક જુઠાણી ★દિલીપ રાવળ ★હરીશ જોષી ★નેહલ દલાલ ★અમીત ગુડકા ★અંકિત પંડ્યા ★પ્રવીણ દેઢિ ★રૂક્ષ્મણી શાહ

**આપના ઉત્તર શનિવાર સાંજ સુધી અને haiyane.darbar@bombaysamachar.com પર મોકલી આપવા. શનિવાર સાંજ સુધીમાં આવેલા જવાબ જ સ્વીકાર્ય રહેશે. પછીના ગુરુવારે આ જ કોલમમાં સાચા જવાબ આપનારનાં નામ પ્રસિદ્ધ થશે. વાચકોએ જવાબની નીચે પોતાનું સંપૂર્ણ નામ લખવું.**



# ઉલઝનની આરપાર

કેતકી જાની
feedback.ladki@bombaysamachar.com

## જીવન નિરર્થક લાગે છે, સમાજમાં નામના મેળવવા શું કરું?



સવાલઃ મેં કુટુંબ માટે જાત ઘસી નાખી એ લઘુતાગ્રંથિ અનુભવું છું. મારા લગ્ન ત્રીસ વર્ષ પહેલાં થયાં હતાં ત્યારે હું ૨૨ વર્ષની હતી. બી.કોમ. થઈ તે જ વર્ષે હું પરણી હતી. મારા ઘરમાં ૩ દિયર અને સંયુક્ત કુટુંબ હોવાથી કાકાજીના પણ ૩ દીકરા આમ છ દિયર હતાં. હવે થયું એવું કે મારા પરણ્યા બાદ ઘરમાં જે છ વહુઓ આવી બધી જ સારું ભણેલી છે. જેમ કે ડૉક્ટર, ડેન્ટિસ્ટ, સી.એ. સૌ પોતાનામાં મસ્ત-વ્યસ્ત. હું એક પરણ્યા બાદ ઘર સંભાળવામાં મસ્ત થઈને કદાચ અટવાઈ ગઈ એમ કહું તો ચાલે. હવે મને તે બધા જોડે ઈન્ફિરિયારીટી જેવું લાગે છે. ઘર માટે બાળકો માટે જિંદગીનો મોટો ભાગ ફાળવી હવે હું ફ્રી છું ત્યારે મને મેં મારા માટે શું કર્યું? તે સમજાતું નથી. પૈસા, ઘર, બાળકો બધે સંતોષ છે પણ ભણતર કે સમાજમાં નામના જેવું નથી. હું શું કરી શકું હવે જેથી મારા જીવનને કઈ અર્થ મળે.



**જવાબ** સૌપ્રથમ તો એ કહીશ કે તમારું જીવન નિરર્થક ગયું છે, તે વાત તમારા મનમાંથી કાઢી નાખો. તમે તમારા ઘરના દસ-બાર લોકોને સંભાળવામાં તમારા જીવનના બે-ત્રણ દશકા ખર્ચ્યા છે તે કોઈ નાનીસૂની વાત છે? સંયુક્ત કુટુંબમાં રહી તમે આજે આટલા વર્ષે આવું રિયલાઈઝેશન કરી રહ્યા છો, મારા મત મુજબ આ ખરેખર બિરદાવવા યોગ્ય બાબત છે. આપની ઉંમરમાં પહોંચેલી એક સામાન્ય સ્ત્રી તો મોટેભાગે શારીરિક તકલીફો અને કુટુંબીજની નિંદાકૂથલીમાં પણ જીવન વિતાવી દે કદાચ. પણ તમે તેમ ના કરતાં આ નિરીક્ષણ માટે સમય કાઢ્યો તે આનંદની વાત છે. તમે આ ઉંમરે પણ જો ઈચ્છો તો તમારાં બાળકો/પતિ/દિયરો કે દેરાણીઓમાંથી કોઈની મદદ લઈ ગૂગલ સર્ચ કરી શકો, ઓપન યુનિવર્સિટીના દરવાજા તમારા માટે આજે પણ ખુલ્લાં જ છે. તેમાં ભણાવાતા કોર્સ લિસ્ટમાંથી તમને રસ હોય તેવા વિષય સાથે તમે ફરી ભણવાનું પસંદ કરશો? જો હા, તો ઉત્તમ પણ જો ના હોય તો પણ ચિંતા નથી. હું તમને બીજો રસ્તો બતાવું, તમે તમારા ભણેલા-ગણેલા દેરાણીઃ પરિવાર માટે લઘુતાગ્રંથિથી અનુભવવાને બદલે તમારા જિવનની લીટી મોટી બનાવવાનો પ્રયત્ન કરો તો? તમે તમને રસ પડે તેવા કોઈ સામાજિક ક્ષેત્રમાં સમાજસેવા કરો તો? પૈસાનો પ્રોબ્લેમ ના હોય તો ગરીબ બાળકો માટે, ગરીબ લોકો માટે, ગરીબીને કારણે ભણી ના શક્તી હોય તેવી છોકરીઓ માટે તમે ચોક્કસ કંઈક કરી શકો. શરૂઆતમાં કોઈક અગ્રણી સેવાભાવી સંસ્થામાં જોડાવ. તેમના કામકાજ નજીકથી જોઈને શીખો, આગળ જતાં તમારી પોતાની સંસ્થા રજિસ્ટર્ડ કરાવી તમારી લઘુતાગ્રંથિથી મુક્ત થઈ શકો તમે. ઉપરાંત જો તમને પ્રાણીઓ પ્રત્યે પ્રેમ હોય, તો તમે તેમના માટે પણ કંઈક સદ્કાર્ય કરી શકો. તમારા શહેરની પ્રાણીપ્રેમી સેવા સંસ્થા સાથે જોડાઈ શકો. તમારા રહેઠાણની આસપાસ રસ્તામાં રહેતા શ્વાનોને નિયમિત ભોજન, દવા જેવી સારસંભાળ આપી તમે સાચે જ મનમાં ફિલગુડ ફેક્ટર લાવી શકશો. કોઈક બિઝનેસ શરૂ કરીને પણ તમે તમારી બધી જ દેરાણીઓથી મોટી લીટી દોરી શકો, જો તમારામાં કંઈક કરવાની ઉત્કંઠા હોય તો. અને હા, તમે કંઈ જ ના કરવા માગતા હોવ તો પણ નો પ્રોબ્લેમ. હા, તમે જે પણ છો તેમાં સંતોષ રાખીને પણ રહી શકો. દુનિયાના બધા જ લોકો પોતાના વ્યક્તિત્વને મળેલા વાતાવરણ અનુસાર ખીલવતા હોય છે. તમે તમને જે મળ્યું તે મુજબ જીવન વ્યતીત કર્યું. બસ તમે કોઈને હાનિ પહોંચાડી ના હોય તો તમારે શા માટે ચિંતા કરવી? કોઈ જરૂર નથી લઘુતાગ્રંથિથી પીડાવાની. તમે તમારા કુટુંબ માટે જે કંઈ કર્યું છે તે ના કર્યું હોત તો કદાચ આજે તમારા કુટુંબનો નકશો અલગ હોત? તમારા પાસે સંતોષથી જીતવા માટે આ કારણ પણ ઘણું જ છે. એટલાસ્ટ બેસ્ટ લક. ■

## બન્ને દીકરાને ભણીને વિદેશમાં સ્થાયી થવું છે તો શું કરવું?

સવાલઃ અમારે બે પુત્રો છે, એક પુત્ર બારમામાં અને બીજો દસમામાં છે. હવે આગળ ભણવા માટે અમે હાલ વિચારીએ છીએ કે શું કરવું. તેમાં આપનો મત જાણવો અમને ગમશે. આજકાલ ભારતનું વાતાવરણ, ભારતમાં બંનેને મળનારી મર્યાદિત તકો અને ઓવરઓલ માનવતાહીન થતી જતી લાઈફસ્ટાઈલ વગેરે જોઈ મારા પતિ અને બંને બાળકો બારમા પછી આઉટ ઓફ ઈન્ડિયા ભણવા જઈ સેટ થઈ જવા માંગે છે. તેમને અહીં નથી રહેવું. મને ખબર નથી પડતી કે શું કરવું?



**જવાબ** જે તમારી મૂંઝવણ છે તે આજકાલ લગભગ દર દસમાંથી ત્રણેક ઘરની મૂંઝવણ હશે કદાચ. મુખ્ય વાત એ કે તમે તમારી ઈચ્છા, તમે શું ચાહો છો તે ત્રણેય જણ પાસે સ્પષ્ટ કરી શકો. તમારા જ લોકો છે તમારો મત જરૂર ગમાડશે. રહી વાત ભારત છોડવાની. તમે જે કહ્યાં તે કારણો તેમણે સચોટ આપ્યા છે પણ એક વાત તમે જો તેઓ અહીં જ રહે તેવું ઈચ્છતા હોય તો કરી શકો કે, ભારતમાં જે પણ કમી તેઓ મહેસૂસ કરી રહ્યા છે, તે ભારતનાં જ એક નાગરિક તરીકે તેને દૂર કરવામાં તેઓ સહયોગ આપી શકે અહીં રહીને. અહીં રહી તેઓ પ્રયત્ન કરી શકે ભારતને ઉત્કૃષ્ટ દેશ બનાવવાનો જે તે ક્ષેત્રની મર્યાદિત તકોને અમર્યાદિત આયામ આપવાનો વિચાર તેઓ કેમ ના કરી શકે? માનવતાહીન થતી જતી જિંદગીઓને કારણે જેઓ આહત/ઘવાયેલા છે તેમની મદદ કરવાનો વિચાર તેઓ ના કરી શકે? આપણું સરસ મઝાનું ઘર હોય અને કોઈપણ કારણે તેમાં કોઈ એક ભાગમાં આગ લાગે તો આપણે તે આગ ઓલવવાનો પ્રયાસ કરીશું કે ઘર બહાર નીકળી તેને પૂરું બળી જવા દઈશું? આમ તો આ મુદ્દા માટે ઘણી બધી દલીલો તમે કરી શકો, પણ જો બાળકો ભારતથી બહાર જઈને જ ભણવા, પોતાની કેરિયર બનાવવા માગતા હોય તો તમે તેમને ખુલ્લું આકાશ આપો તે પણ એક પાલક તરીકે તમારી જવાબદારી છે. તમારા બાળકોના સપનાની પાંખો કાપીને તમે કદી સુખી નહીં થાવ તે નક્કી છે. તમે મને સમજાવી ચોક્કસ શકો. ભારતની લાઈફસ્ટાઈલ અને ત્યાંની લાઈફસ્ટાઈલમાં ઘણો ફરક છે. અહીં આપણાં બાળકો ભણતા હોય ત્યારે કમાવાનું તો દૂરની વાત છે ઘરનાં કોઈ કામને હાથ સુધ્ધાં નથી લગાડતાં ત્યાં તેમણે આ કરવું પડશે. અહીં ઘરકામ કરવા માટે લોકો મળે છે ત્યાં કોઈ નથી મળતું. બધું તેમણે જાતે જ કરવું પડશે. આ ઉપરાંત તમે માતા-પિતા પણ ત્યાં નહીં હો તેમની સાથે. તમારા સંતાનોને ત્યાં જતા પહેલા આ બધી વિગતો ખબર હોવી જોઈએ. જેથી ત્યાં ગયા બાદ ઘર, મા-બાપ અને વતન ઝૂરાપો વેઠવો ના પડે. ઉપરાંત આજકાલ વિદેશોમાં પણ આઉટસોર્સિંગ નીતિમાં ઘણા બદલાવ આવતા રહે છે. ત્યાં ગયેલા ઘણા લોકો રાતોરાત પરત આવવાના કિસ્સા પણ સંભળાય જ છે. તેઓ જ્યાં જવા માગતાં હોય તે દેશની વિદેશનીતિનો પણ અભ્યાસ કરવા ખાસ કહેજો. વિદેશમાં જઈ મજા જ મજા છે તેવું તેઓના મનમાં ચિત્ર હોય તો તમે આ બધી વાતો સ્પષ્ટ કરી શકો, કે ત્યાં પણ ઘણી મહેનત પછી જ મજા છે. નવું વાતાવરણ, નવા અતડા રહેતા લોકો, ખાવા-પીવાની નવી રીતભાત વગેરે અનેક પડકારો હોવા છતાં તેઓ ભારતથી બહાર જઈને જ ભણવા-સેટ થવા માગતા હોય તો તેમને જવા દેવા એ જ રસ્તો છે. ■

**સવાલ આ ઈ-મેઈલ પર મોકલી આપો savaal@bombaysamachar.com**

પ્રાસંગિક
ભારતી દેસાઈ
feedback.ladki@bombaysamachar.com

## આજની ચતુર નાર કેમ નાખુશ છે?



મહાનગરમાં રહેતી અધિકતર ભારતીય નારી સ્વનિર્ભર છે, સ્માર્ટ છે તથા પતિ-બાળકોની સંભાળ લે છે તેમ છતાં તેઓ નાખુશ જોવા મળે છે. થોડા સમય પહેલાં ભારતીય માતા ખુશ છે કે નાખુશ છે તે બાબતે સર્વે કરવામાં આવ્યો હતો. સર્વે દ્વારા જાણવા મળ્યું હતું કે ૭૦ ટકા ભારતીય માતા કુટુંબની દેખભાળ યોગ્ય રીતે કરવા છતાં મનોમન દુઃખી રહે છે. કેટલીક મહિલાઓ લગ્ન જીવનથી નાખુશ છે. પતિ સાથે મનદુઃખ થવાને કારણે પણ તેઓ દુઃખી રહે છે. તેનું મુખ્ય કારણ પતિ દ્વારા તેમણે કરેલા કામના યોગ્ય વખાણ કરવામાં આવતા નથી.

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના સોશિયોલૉજી ડિપાર્ટમેન્ટના ડૉ. સુરેન્દ્ર એસ જોધકા જણાવે છે કે ખુશી કે આનંદિત રહેવાની વ્યાખ્યા થોડાં થોડાં સમયે બદલાતી રહેતી હોય છે. એક સમયે ભૂતાનને સુખી કે આનંદિત દેશોમાં સ્થાન મળ્યું હતું. આજે કોઈ અન્ય દેશે તે સ્થાન છીનવી લીધું છે. આજના ઝડપી યુગમાં પુરુષો પણ માનસિક તાણનો શિકાર બનતા હોય છે. સુખી હોવાની વ્યાખ્યા પુરુષ તથા સ્ત્રીની અલગ-અલગ જોવા મળે છે. સ્ત્રીના મામલામાં પોષ્ટિક આહાર, નાંણાકીય સદ્ધરતાની અહમ્ ભૂમિકા જોવા મળે છે. ધોરણ ૧૦-૧૨નું રિઝલ્ટ બહાર પડે ત્યારે વિદ્યાર્થીનીઓ જ બાજી મારી જતી જોવા મળે છે. આજે પણ પુત્રીના જન્મની સંખ્યા ઘટી ગયેલી જોવા મળે. આધુનિક કુટુંબોમાં પુત્ર-પુત્રી વચ્ચેનો ભેદભાવ ભૂલાઈ ગયો છે. બંનેને આગળ વધવા માટે યોગ્ય સવલતો પૂરી પાડવામાં આવે છે.

વાસ્તવમાં માતાની આનંદની વ્યાખ્યા ઘણી જ સિમિત છે. સંતાનો કે પતિના જીવનમાં નાની પણ પ્રગતિ તેમને પ્રસન્ન કરી દે છે. નાણાંકીય સદ્ધરતા તથા ઘરનું ઘર પ્રત્યેક નારીનું સ્વપ્ન હોય છે. નારી ગમે તેટલા મોટા સોપાનો સર કરતી જાય તેમ છતાં એક માતાની દુનિયામાં ખુશાલી તો તેમની અંગત ગણાતી વ્યક્તિની પ્રગતિની સાથે જ જોડાયેલી હોય છે. માતાની ડ્યૂટી સૌથી અઘરી તથા સૌથી લાંબી ગણાતી હોય છે.

અમદાવાદ સ્થિત ફેશનડિઝાઈનર વંદના શાહ સંયુક્ત કુટુંબમાં રહે છે. વંદનાનું કહેવું છે કે સવારના વહેલાં ઊઠીને બે પુત્રીઓને શાળામાં સમયસર મોકલાવાનું કામ પૂર્ણ થયું નથી કે તેની સાથે ઘરની નાની મોટી જવાબદારી નિભાવવી પડે છે. બપોરના સમયે મારા ફેશન ડિઝાઈનિંગના કામમાં, ગ્રાહકોને સંભાળવા, દરજી સાથે પણ અનેક માથાકૂટ કરવી પડતી હોય છે. સાંજના ૭ બાદ હળીમળીને ભોજન બનાવ્યા બાદ પુત્રીઓને ભણાવવા-જમાડવાનું કામ પણ રહે છે. મારા પતિ સ્વયં બિઝનેસ કરે છે. રાત્રે તેઓ મોડા ઘરે આવે છે. વળી ધંધાદારી હોવાને કારણે તેઓ ઘરે આવ્યા બાદ પણ ફોનમાં વ્યસ્ત રહે છે. અનેક વખત મુંઝવણ થાય છે શા માટે આટલાં બધા કામ કરવા? ફેશન ડિઝાઈનિંગનું કામ બંધ કરીને પુત્રીઓ સાથે વધુ સમય વીતાવું.

**સોનલે કરી લીધું સમાધાન :** સોનલ લગ્ન પહેલાં એક પેથોલોજીસ્ટિને ત્યાં નોકરી કરતી હતી. સોનલનું કહેવું છે કે લગ્નના થોડા સમય બાદ પુત્રીનો જન્મ થયો તેની સાથે પુત્રીના બાળપણને માણવાની મારી અત્યંત ઈચ્છા હતી. તેથી મે નોકરી કરવાનું માંડી વાળ્યું. પુત્રીના બાળપણને માણવાનો મને અત્યંત આનંદ છે. મારું માનવું છે કે જીવનમાં કામની સાથે જીવનમાં આવતી નાની નાની પળોને પણ માણી લેવી જોઈએ.

**સંતાનની ખુશીને પોતાની બનાવી :** મુંબઈમાં પુત્ર સાથે રહેતી ફાલ્ગુનીનું કહેવું છે કે જીવનનું બીજું નામ એટલે પ્રત્યેક પળેપળે બાંધછોડ કરવી. પુત્રને મુંબઈમાં સારી જગ્યાએ નોકરી મળી. મુંબઈ જેવા શહેરમાં તેને એકલા રહેવાનું પુત્ર અંકિતને પસંદ ન હતું. તેને એકલું ન લાગે એટલે તેની સાથે થોડા દિવસ માટે રહેવા આવી હતી. સવારના વહેલો નીકળીને તે રાત્રે મોડો ઘરે આવતો. આખો દિવસ ઘરમાં એકલું તો મારે જ રહેવાનું આવતું. અજાણ્યા શહેરમાં એકલા ફરવા પણ કેટલું જવાનું? કુટુંબના અન્ય સભ્યો તથા પતિ વડોદરામાં રહેતા. તેઓ પણ કામમાં વ્યસ્ત રહે. વાતો કરીને પણ તેમની સાથે કેટલી કરવી? ધીમે ધીમે હું માનસિક તાણનો ભોગ બની ગઈ. પુત્ર રાત્રે ઘરે આવે ત્યારે રડી-રડીને મારી આંખો લાલ થઈ ગઈ હોય. અંતમાં અમે નિર્ણય કર્યો કે વડોદરા પાછા જઈને જે કામ મળે તે જ પુત્ર કરશે. બે પૈસા ઓછા મળશે તો ચાલશે પણ માનસિક શાંતિ જીવનમાં રહે તે વધુ અગત્યનું છે. મુંબઈનું સતત

(જુઓ પાનું ૭) ▸▸